


Title-Code:-GUJGUJ18109

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

www.gujarataatmiyata.in

E-mail :gujarataatmiyata@gmail.com

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-04, ISSUE- 09,(SURAT), DATE-19/08/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૪, અંક-૦૯, (સુરત), તા.૧૯/૦૮/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 અન્ન-જળનો બગાડ રોકવાથી લઇ સ્વચ્છતા અને ઊર્જા બચાવવાનો સંકલ્પ

3 એકની ધરપકડ, રૂ.૪,૪૦,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત અરેઠના કરંજ નજીક ૬ પશુ હેરાફેરી કરતી પીકઅપ ઝડપાઈ

4 માંગરોળના કોસાડીમાં બાળકી પર ૭ કૂતરાનો હુમલો


## ભાજપના ધારાસભ્ય ઈશ્વર પરમારને કોંગ્રેસના તરુણ વાઘેલાએ હરાવ્યા:બારડોલી સુગર મિલની ચૂંટણીમાં મોટો ઉલટફેર, સહકાર પેનલ સામે કિસાનનો 'પરિવર્તન'નો પવન ફૂંકાયો












**બાબેન ખાતે સ્થિત શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની સ્થાપના વર્ષ ૧૯૫૫માં થઈ હતી અને સંસ્થા પોતાની સત્તાવાર માહિતીમાં તેને ગુજરાતના સહકારી ક્ષેત્રની પ્રથમ સુગર ફેક્ટરી ગણાવે છે. હાલ તેની શેરડી પિલાણ ક્ષમતા પ્રતિદિન આશરે ૧૦ હજાર ટન છે.**

બારડોલી-બારડોલી સુગર મિલની ચૂંટણીના પરિણામોએ સહકારી ક્ષેત્રમાં મોટો ઉલટફેર સર્જ્યો છે. એશિયાની સૌથી મોટી ગણાતી આ ફેક્ટરીમાં સત્તાધારી સહકાર પેનલનો કારમો પરાજય થયો છે, જ્યારે 'કિસાન પરિવર્તન પેનલ'નો વિજય થયો છે. આ ચૂંટણીમાં સ્થાનિક ધારાસભ્ય ઈશ્વર પરમારની હાર સૌથી ચર્ચાનો વિષય બની છે.

ઈશ્વર પરમાર 'SC/ST' બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. તેમને સહકાર પેનલ તરફમાં ૮૮૨ મત મળ્યા હતા. તેની સામે કિસાન પરિવર્તન પેનલના ઉમેદવાર તરુણ વાઘેલાએ ૧૪૨૪ મત મેળવીને ૫૪૨ મતના અંતરથી વિજય પ્રાપ્ત કર્યો છે. સરદાર પટેલના ઐતિહાસિક બારડોલી સત્યાગ્રહની ભૂમિ પર આવેલી આ સહકારી સંસ્થામાં શાસક જૂથ સામે પરિવર્તન પેનલનું પ્રદર્શન રાજકીય દૃષ્ટિએ પણ ચર્ચાસ્પદ બન્યું છે

લ્દ/લ્ટ ધારાસભ્ય ઉપરાંત પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ભાવેશ પટેલની પણ હાર થતાં સહકાર પેનલને મોટો આંચકો લાગ્યો છે. આ પરિણામો દર્શાવે છે કે સભાસદોએ સહકારી સંસ્થાઓમાં રાજકીય દખલગીરી સામે સ્પષ્ટ જનાદેશ આપ્યો છે. સ્થાનિક સભાસદોમાં જોવા મળેલા આ પરિવર્તને સત્તાધારી પેનલના ગઢને તોડી પાડ્યો છે. હવે નવી ચૂંટાયેલી 'કિસાન પરિવર્તન પેનલ' ખેડૂતોના હિતમાં કેવા નિર્ણયો લે છે અને સંસ્થાના સંચાલનમાં કેવા ફેરફારો જોવા મળે છે તેના પર સહુની નજર છે.

૨૦૨૨ ની વિધાનસભા ચૂંટણીમાં બારડોલી બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ઈશ્વર પરમાર વિજયી બન્યા હતા. તરુણ વાઘેલા અગાઉ ૨૦૧૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં બારડોલી બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર રહી ચૂક્યા છે અને હાલ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સંગઠનમાં મહામંત્રી છે. આમ, રાજકીય પ્રતિસ્પર્ધીઓ વચ્ચે સહકારી ક્ષેત્રની સ્પર્ધા સ્થાનિક સ્તરે અત્યંત નોંધપાત્ર રહી છે.

ભાવેશ પટેલ લાંબા સમયથી બારડોલી સુગરના સંચાલન તેમજ સ્થાનિક ભાજપ સંગઠન સાથે સંકળાયેલા રહ્યા છે. ચૂંટણી અગાઉ ભાવેશ પટેલની સહકાર પેનલ અને અતુલ પટેલની આગેવાનીવાળી કિસાન પરિવર્તન પેનલ વચ્ચે સીધી ટક્કર હતી. બારડોલી, કામરેજ અને પલસાણા વિસ્તારના શેરડી ઉત્પાદક સભાસદોએ મતદાન પ્રક્રિયામાં ભાગ લીધો હતો. જેની આજે ૧૮ ઓગસ્ટે મતગણતરી યોજાઈ હતી. બારડોલી સુગર માત્ર સ્થાનિક સહકારી સંસ્થા નથી.

બાબેન ખાતે સ્થિત શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની સ્થાપના વર્ષ ૧૯૫૫માં થઈ હતી અને સંસ્થા પોતાની સત્તાવાર માહિતીમાં તેને ગુજરાતના સહકારી ક્ષેત્રની પ્રથમ સુગર ફેક્ટરી ગણાવે છે. હાલ તેની શેરડી પિલાણ ક્ષમતા પ્રતિદિન આશરે ૧૦ હજાર ટન છે.

**દક્ષિણ ગુજરાતમાં ખાંડ ઉત્પાદન ક્ષેત્રે સૌથી વધુ પિલાણ ક્ષમતા ધરાવતી બારડોલી સુગરની ચૂંટણીના પરિણામોએ સહકારી અને રાજકીય ક્ષેત્રે મોટો ઉલટફેર સર્જ્યો છે. વર્તમાન શાસક જૂથની સહકાર પેનલને સભાસદ મતદારોએ જાકારો આપ્યો છે. કિસાન પરિવર્તન પેનલના તમામ ૧૪ ઉમેદવારોનો ભવ્ય વિજય થયો છે. એટલું જ નહી, ભાજપના દિગ્ગજ નેતા ભાવેશ પટેલ અને બારડોલીના ધારાસભ્ય ઈશ્વર પરમારને પણ પરાજયનો સામનો કરવો પડ્યો છે.**

**બારડોલી સુગર ફેક્ટરીની વ્યવસ્થાપક સમિતિની ૧૪ બેઠકો માટે બે દિવસ અગાઉ મતદાન યોજાયું હતું. કુલ ૫૫૦૪ સભાસદ મતદારોમાંથી ૨૪૧૨ સભાસદોએ મતદાન કર્યું હતું, જે ૪૩.૮૨ ટકા રહ્યું હતું. જયારે બિનઉત્પાદક સહકારી મંડળીની બેઠક પરથી સહકાર પેનલના અનિલ પટેલ બિનહરીફ વિજેતા બન્યા હતા.**

**બારડોલી સુગરની ચૂંટણીમાં જોવા મળેલી પરિવર્તનની લહેરની અસર આગામી સમયમાં સુરત જિલ્લાની કામરેજ, મઢી, મહુવા અને ચલથાણ સુગર મિલોની સામાન્ય ચૂંટણીમાં જોવા મળશે કે કેમ તે પણ હવે ચર્ચાનો વિષય બન્યો છે. સહકારી ક્ષેત્રની આગામી ચૂંટણીઓમાં બારડોલીનો જનાદેશ કેટલી અસર કરે છે.. તે હવે જોવું રહ્યું**

### ૧૮૧ અભયમ બારડોલી ટીમની માનવતાભરી કામગીરી

## રસ્તા પર ભટકતી માનસિક સ્થિતિ અસ્વસ્થ જણાતી મહિલાને સુરક્ષિત આશ્રય અપાવી સંવેદનશીલ કામગીરી



બારડોલી- મુશ્કેલીમાં મુકાયેલી અને અસુરક્ષિત પરિસ્થિતિમાં રહેલી મહિલાઓની સુરક્ષા અને સહાય માટે કાર્યરત ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન, બારડોલી ટીમ દ્વારા માનવતા અને સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતી કામગીરી કરવામાં આવી હતી. જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ અભયમ હેલ્પલાઇન પર જાણ કરવામાં આવી હતી કે એક મહિલા છેલ્લા કેટલાક દિવસોથી રસ્તા પર ભટકી રહી છે અને તેમની માનસિક સ્થિતિ અસ્વસ્થ જણાઈ રહી છે. માહિતી મળતાની સાથે જ ૧૮૧ અભયમ બારડોલી ટીમના કાઉન્સેલર તૃપ્તિ પટેલ, મહિલા કોન્સ્ટેબલ વનિતાબેન ચૌધરી અને પાયલોટ નીરવભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

ટીમ દ્વારા મહિલાની સાથે શાંતિપૂર્ણ અને સંવેદનશીલ રીતે વાતચીત કરી તેમની ઓળખ, રહેઠાણ તથા પરિવાર અંગેની માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, મહિલા પોતાનું નામ, સરનામું કે પરિવાર અંગે સ્પષ્ટ માહિતી આપી શકતા ન હતા. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ટીમ દ્વારા મહિલાની સુરક્ષા અને ગૌરવને પ્રાથમિકતા આપી કોઈપણ પ્રકારનું દબાણ કર્યા વિના જરૂરી કાઉન્સેલિંગ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મહિલા અસુરક્ષિત પરિસ્થિતિમાં હોવાથી તેમની સલામતી અને જરૂરી સંભાળને ધ્યાનમાં રાખીને ૧૮૧ અભયમ ટીમ દ્વારા નજીકના યોગ્ય આશ્રયગૃહ સાથે તાત્કાલિક સંકલન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહિલાને સુરક્ષિત રીતે આશ્રયગૃહમાં ખસેડવામાં આવી હતી અને તેમની જરૂરી સંભાળ તથા સુરક્ષાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી હતી.

૧૮૧ અભયમ બારડોલી ટીમની આ કામગીરી માનવતા, સંવેદના અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ બની છે. મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓને સમયસર સુરક્ષા, સહાય, કાઉન્સેલિંગ અને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે ૧૮૧ અભયમ ટીમ સતત નિષ્ઠાપૂર્વક કામગીરી કરી રહી છે.

### સુમુલ ડેરીના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી અચાનક મુલતવી

## ૧૫ બેઠકો પર ભાજપનો વિજય છતાં ભાજપની આંતરિક ખેચતાણ વચ્ચે ચૂંટણી મોકૂફ, પશુપાલકોમાં ભારે રોષ




બારડોલી-સુરત જિલ્લાની સહકારી ક્ષેત્રની અતિમહત્ત્વની સુમુલ ડેરીના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી અચાનક મુલતવી રાખવામાં આવતા રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ભાજપમાં પ્રમુખ અને ઉપપ્રમુખના નામ મુદ્દે એકરાય ન સધાતા આંતરિક ખેચતાણ ઊભી થઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સહકાર વિભાગની કામગીરી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.

સુમુલ ડેરીની કુલ ૧૫ બેઠકો પર ભાજપના ઉમેદવારોનો વિજય થયો હતો. ધારાસભ્યો, સાંસદો અને પક્ષના હોદ્દેદારોની રજૂઆતો બાદ સોમવારે ચૂંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાવાની હતી. જોકે, છેલ્લી ઘડીએ ચૂંટણી અચાનક મોકૂફ રાખવામાં આવી હતી.


॥ શ્રી સદ્‌ગુરૂ કૃપા ॥
જીતેન્દ્રસિંહ પરમાર
Mo. 97274 10292
94268 10292
શ્રીબાલાજી
ડાઈનીંગ હોલ
ગુજરાતી થાળી મળશે.
જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-
શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.
મેરીયોટવિલા ની સામે, ઘામળોદ રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
GUJARAT AATMIYATA
www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808
ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....
શાસ્ત્રી રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# અન્ન-જળનો બગાડ રોકવાથી લઇ સ્વચ્છતા અને ઊર્જા બચાવવાનો સંકલ્પ

## વ્યારામાં તિરંગાની સાક્ષીએ શબરીધામમાં લેવાયો સંકલ્પ, હવે દેશસેવા દૈનિક જીવનનો હિસ્સો બનશે



વ્યારા-સ્વાતંત્ર્યનો અર્થ માત્ર આઝાદીની ઉજવણી નહીં, પરંતુ દેશ પ્રત્યેની પોતાની ફરજને સમજવી અને તેને જીવનમાં ઉતારવી છે. આ વિચારને સાર્થક કરતી અનોખી પહેલ ર.ફ. દાબુ કેળવણી મંડળ સંચાલિત શબરીધામ શાળા સંકુલ ખાતે જોવા મળી હતી. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્ય, કર્મચારીઓ તેમજ વાલીઓએ એકજૂથ થઇ દેશની સમૃદ્ધિ અને વિકાસમાં પોતાનું યોગદાન આપવાના સંકલ્પો લીધા હતા.

વ્યારા માં શાળા સંકુલમાં યોજાયેલા કાર્યક્રમમાં રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિના માહોલ વચ્ચે સૌએ રરાષ્ટ્રહિત પ્રથમ ની ભાવના સાથે લેખિત સંકલ્પપત્રો ભર્યા હતા.

શાળા ના આચાર્ય કૃપાબેન શાહ અને શિક્ષકો એ ૧૫ મી ઓગસ્ટ ની માત્ર સૂત્રોચ્ચાર કે એક દિવસની ઉજવણી પૂરતી દેશભક્તિને સીમિત ન રાખી રોજિંદા જીવનમાં નાના-નાના સારા બદલાવ લાવવાનો સંદેશ આ પહેલ થકી આપવામાં આવ્યો હતો. સંકલ્પપત્રમાં સ્વચ્છતા જાળવવા, શિસ્ત અને નિયમિતતાનું પાલન કરવા, અન્ન તથા જળનો બગાડ અટકાવવા અને ઊર્જાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા જેવા મહત્વના સંકલ્પો લેવામાં આવ્યા હતા. સાથે જ સમાજ અને રાષ્ટ્રના હિતમાં પોતાની ક્ષમતા મુજબ સક્રિય યોગદાન આપવાનો સંકલ્પ પણ સૌએ વ્યક્ત કર્યો હતો. બાળમનમાં દેશપ્રેમ સાથે જવાબદારીનું બીજશાળાના વિદ્યાર્થીઓને દેશનું ભવિષ્ય ગણાવી માત્ર અધિકારો નહીં, પરંતુ રાષ્ટ્ર પ્રત્યેની ફરજો પણ સમજાવવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો અને વાલીઓએ પણ સંકલ્પપત્ર ભરતાં સમગ્ર શાળા પરિવારમાં એકતા અને જવાબદારીની ભાવના જોવા મળી હતી.સ્વાતંત્ર્ય પર્વને એક દિવસના કાર્યક્રમમાંથી જીવનમાં ઉતારવાના સંકલ્પમાં પરિવર્તિત કરતી શબરીધામ શાળા સંકુલની આ પહેલથી સમગ્ર શાળા પરિવારમાં દેશપ્રેમ, ગૌરવ અને નવી ઊર્જાનો સંચાર થયો હતો.

# તાપી ફૂલવાડી હાટ બજાર પ્રોજેક્ટમાં કરોડોનો ભ્રષ્ટાચાર

## સરકારી જમીન પર દબાણ, આદિવાસી સમાજ લાભથી વંચિત



તાપી (વ્યારા)-તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાની ફૂલવાડી ગ્રામ પંચાયતમાં વર્ષ ૨૦૧૪ માં મંજૂર થયેલા રૂ.૫.૩૫ કરોડના 'હાટ બજાર' પ્રોજેક્ટમાં ગંભીર ભ્રષ્ટાચાર અને સરકારી જમીન પર દબાણના આક્ષેપો થયા છે. સ્થાનિક આગેવાનો અને બેરોજગાર યુવાનોનો દાવો છે કે આદિવાસી સમાજના આર્થિક ઉત્થાન અને રોજગારી માટેની આ યોજના છેલ્લા ૧૪ વર્ષથી માત્ર કાગળ પર જ રહી છે.

ગુજરાત આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ૨૦૧૪માં આ હાટ બજારને મંજૂરી અપાઈ હતી અને તેના અમલીકરણ માટે રૂ. ૫.૩૫ કરોડની ગ્રાન્ટ પણ ફાળવવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં રૂ. ૨ કરોડના પ્રથમ હપ્તાની રકમ કાર્યપાલક ઇજનેરને ચૂકવવાના આદેશો પણ અપાયા હતા. જોકે, સ્થાનિક પંચાયતના સત્તાધારીઓ દ્વારા આ કામગીરી વારંવાર અટકાવવામાં આવી રહી છે.

સ્થાનિક સામાજિક આગેવાનોના આક્ષેપ મુજબ, ફૂલવાડી ગ્રામ પંચાયતના સરપંચ અને તેમના પરિવારજનોએ પદ અને સત્તાનો દુરુપયોગ કરીને હાટ બજાર માટે અનામત રાખેલી સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કર્યું છે. અહીં વાણિજ્યિક હેતુ માટે પાકાં RCC બાંધકામો કરી ભાડે આપવામાં આવ્યા છે, તેમજ કરોડો રૂપિયામાં જમીનનું વેચાણ પણ કરાયું હોવાના ગંભીર આરોપો છે.

વધુમાં, સરપંચ દંપતી પર સત્તાના જોરે આદિવાસી વિકાસના ફંડમાં ભ્રષ્ટાચાર કરવાનો અને પોતાની માલિકીની એજન્સીઓ મારફતે બોગસ દસ્તાવેજો બનાવી સરકારી તિજોરીને નુકસાન પહોંચાડવાનો પણ આરોપ છે. સરકારી અનામત જમીનો પર બનેલા આલીશાન બંગલા અને શો-રૂમ પાછળ આ ભ્રષ્ટાચારના નાણાં વપરાયા હોવાની શંકા પણ વ્યક્ત કરવામાં આવી છે.

વહીવટી તંત્રના ડિમોલેશનના આદેશો છતાં સ્થાનિક રાજકીય વગને કારણે આ દબાણો દૂર કરવામાં આવતા નથી. આદિવાસી સમાજના લોકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી ૧૫ દિવસમાં પ્રોજેક્ટનું કામ શરૂ નહીં થાય અને ગેરકાયદેસર દબાણો દૂર નહીં થાય, તો કુકરમુંડા બંધનું એલાન આપી ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ મામલે જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહીની માંગ પણ ઉઠી છે.

# ઉંભેળમાં સિમેન્ટ ચોરીના નેટવર્કનો પર્દાફાશ, કામરેજમાં ૨૪ વર્ષીય યુવક રહસ્યમય રીતે ગુમ



કામરેજ- સુરત જિલ્લામાં ક્રાઈમની બે અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે. એક તરફ LCBએ ટ્રકમાંથી સિમેન્ટની બોરીઓ સગેવગે કરવાના નેટવર્કનો પર્દાફાશ કરી બે આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે બીજી તરફ કામરેજના નનસાડમાં રહેતો ૨૪ વર્ષીય યુવક સાડીના સેમ્પલ બતાવવા મુંબઈ જવાનું કહી ઘરેથી નીકળ્યા બાદ રહસ્યમય રીતે ગુમ થયો છે.

સુરત જિલ્લા LCBએ ઉંભેળ ગામની સીમમાં નેશનલ હાઈવે નંબર-૪૮ પરથી ટ્રકમાંથી સિમેન્ટની બોરીઓ સગેવગે કરવાના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે કાર્યવાહી દરમિયાન કુલ રૂ.૧૫.૬૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સોને ઝડપી પાડ્યા છે. જ્યારે સમગ્ર કૌભાંડનો મુખ્ય સૂત્રધાર ફરાર હોવાથી પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસમાં સામે આવેલી માહિતી મુજબ, સત્યનારાયણ શર્મા ઉર્ફે સત્તુ મારવાડી પોતાના સાગરીતો સાથે મળીને હાઈવે પરથી સિમેન્ટ ભરીને પસાર થતા ટ્રક ચાલકો સાથે સાંઠગાંઠ કરતો હતો. આર્થિક ફાયદા માટે ઉંભેળ ગામની સીમમાં નેશનલ હાઈવે-૪૮ પર ટ્રકમાંથી સિમેન્ટની થેલીઓ સગેવગે કરવાની પ્રવૃત્તિ ચલાવવામાં આવતી હોવાની પોલીસને માહિતી મળી હતી.

પોલીસને બાતમી મળી હતી કે હરીપુરા પાટિયાથી હરીપુરા ગામ તરફ જવાના રસ્તા પર ટ્રકમાંથી સિમેન્ટની થેલીઓ ચોરી કરવાની પ્રવૃત્તિ ચાલી રહી છે. બાતમીના આધારે કઈઇની ટીમે તાત્કાલિક સ્થળ પર દરોડો પાડ્યો હતો. કાર્યવાહી દરમિયાન બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા.

પોલીસે સ્થળ પરથી કુલ રૂ.૧૫,૬૫,૨૯૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જેમાં રૂ.૧૦ લાખની ટ્રક, રૂ.૩ લાખનો ટેમ્પો, રૂ.૨.૪૦ લાખની કિંમતની ૫૦ કિલોગ્રામ વજનની ૮૦૦ સિમેન્ટની બોરીઓ તેમજ રૂ.૨૦ હજારના બે મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે.

પોલીસે ટ્રક ચાલક હરીરામ ચંદ્રિકા યાદવ (ઉંમર ૩૮, રહે. કડોદરા, મૂળ બિહાર) અને ટેમ્પો ચાલક અભિનંદન સિતારામ સૈની (ઉંમર ૨૦, રહે. વરેલી, મૂળ બિહાર)ને ઝડપી પાડ્યા છે. બીજી તરફ, સિમેન્ટની બોરીઓની ચોરી કરાવી તેનો માલ વેચવાનું નેટવર્ક ચલાવનાર મુખ્ય સૂત્રધાર સત્યનારાયણ શર્મા ઉર્ફે સત્તુ મારવાડી (રહે. વરેલી) ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

# ૨૬ વર્ષથી ફરાર લૂંટ વિથ મર્ડરના આરોપીને પકડવામાં યોગદાન :૧૦૦ થી વધુ આરોપીને પકડવામાં યોગદાન બદલ ૨ જવાનોનું સન્માન



વ્યારા- તાપી જિલ્લામાં પોલીસ LCB દ્વારા ગંભીર ગુનાઓના આરોપીઓને ઝડપી પાડવા તેમજ વણઉકેલાયેલા ગુનાઓનો ભેદ ઉકેલવા સતત કામગીરી કરવામાં આવી રહી છે.

આ કામગીરીમાં LCBના ASI ધર્મેશભાઈ મગનભાઈ ગામીત તથા પોકો રોનક સ્ટીવન્સ ગામીતની મહત્વની ભૂમિકા રહી છે. પોલીસની વિવિધ કાર્યવાહીમાં ૧૦૦ થી વધુ આરોપીને ઝડપી પાડવામાં તેમની તપાસ અને મેદાની કામગીરી મહત્વપૂર્ણ સાબિત થઈ હોવાનું જાણવા મળે છે.

વ્યારા પંથકમાં થયેલા ઘરફોડ ચોરીના ૧૨ ગુનાઓ પોલીસ માટે પડકારરૂપ બન્યા હતા. LCBની ટીમે અલગ-અલગ ગુનાની કડીઓ જોડીને આરોપીની હિલચાલ, બાતમી તથા ટેકનિકલ માહિતીના આધારે આરોપી સુધી પહોચવામાં સફળતા મળી હતી.

લૂંટ વિથ મર્ડરના ગંભીર ગુનામાં આરોપી છેલ્લા ૨૬ વર્ષથી પોલીસથી નાસતો ફરતો હતો. કઈઇની ટીમે આરોપીની હિલચાલ અંગે માહિતી એકત્ર કરી ટેકનિકલ તપાસ કરતા આરોપી ઉત્તર પ્રદેશમાં હોવાની કડી મળતાં ટીમે ત્યાં પહોંચી તેને ઝડપી પાડ્યો હતો. જેમાં પણ મહત્વપૂર્ણ યોગદાન બદલ બંનેને વ્યારા જિલ્લા કક્ષાની રાષ્ટ્રીય પર્વની ઉજવણી દરમિયાન એવોર્ડ અપાયા હતા.

# ૧૭ ખેલાડીઓ ભારતીય ખેલ જગતના પ્રતિષ્ઠિત અર્જુન એવોર્ડથી સન્માનિત, યાદીમાં એક પણ ક્રિકેટર નહીં




ભારત સરકારે પ્રતિષ્ઠિત અર્જુન પુરસ્કાર માટે ૧૭ ખેલાડીઓની પસંદગી કરી છે. નિવૃત્ત ન્યાયમૂર્તિ અરુણ કુમાર મિશ્રાની અધ્યક્ષતામાં રમતગમત મંત્રાલયે આ જાહેરાત કરી. ચેસ વર્લ્ડ કપ વિજેતા દિવ્યા દેશમુખ, વિદિત ગુજરાતી, તેજસ્વિન શંકર, ગાયત્રી ગોપીચંદ સહિતના ખેલાડીઓને રમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ સન્માનિત કરાશે.

ભારતીય રમતગમત જગત માટે અત્યંત ગૌરવપૂર્ણ ક્ષણ આવી પહોંચી છે. ભારત સરકાર દ્વારા પ્રતિષ્ઠિત અર્જુન પુરસ્કાર માટે ૧૭ મહત્ત્વપૂર્ણ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. દેશની સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ અરુણ કુમાર મિશ્રાની અધ્યક્ષતાવાળી પસંદગી સમિતિની ભલામણોના આધારે રમતગમત મંત્રાલય દ્વારા વિવિધ શ્રેણીઓમાં ખેલાડીઓ, કોચ અને સંસ્થાઓના નામોની જાહેરાત કરવામાં આવી છે. આ પુરસ્કાર રમત ક્ષેત્રે છેલ્લા ૪ વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન, નેતૃત્વ, ખેલદિલી અને શિસ્ત દર્શાવનાર ખેલાડીઓને એનાયત કરવામાં આવે છે.

અર્જુન પુરસ્કાર માટે પસંદ કરાયેલા ૧૭ રમતવીરોની યાદીમાં ચેસ વર્લ્ડ કપ વિજેતા દિવ્યા દેશમુખ, ગ્રાન્ડમાસ્ટર વિદિત ગુજરાતી, ડેકાથલીટ અને હાઇ જમ્પર તેજસ્વિન શંકર તથા બેડમિન્ટન સ્ટાર ગાયત્રી ગોપીચંદ અને તેમની ડબલ્સ પાર્ટનર ટ્રીસા જોલીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એથ્લેટિક્સમાં મોહમ્મદ અજમલ વી અને પ્રિયંકા ગોસ્વામી, બોક્સિંગમાં ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સના સિલ્વર મેડલ વિજેતા નરેન્દ્ર, ડેફ શૂટિંગમાં ધનુષ શ્રીકાંત, હોકીમાં લાલરેમસિયામી અને રાજકુમાર પાલ, કબડ્ડીમાં સુર્જીત અને પૂજા, પેરા શૂટિંગમાં રૂદ્રાંશ ખંડેલવાલ, પેરા એથ્લેટિક્સમાં એકતા ભ્યાન, રોઇંગમાં અરવિંદ સિંહ તથા શૂટિંગમાં અખિલ શ્યોરાણની પસંદગી કરવામાં આવી છે. ફૂટબોલમાં વિશિષ્ટ યોગદાન આપનાર આઇ અરુમનાયગમને અર્જુન પુરસ્કાર (લાઇફટાઇમ) એનાયત થશે.

રમતગમતમાં ઉત્કૃષ્ટ પ્રશિક્ષણ આપનાર કોચ માટેના દ્રોણાચાર્ય પુરસ્કાર માટે એથ્લેટિક્સના પરવીર સિંહ, બોક્સિંગના છોટે લાલ યાદવ અને શૂટિંગના નેહા નંદકુમાર ચૌહાણની પસંદગી કરવામાં આવી છે. આ એવોર્ડ એવા પ્રશિક્ષકોને આપવામાં આવે છે જેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ખેલાડીઓને શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે માર્ગદર્શન આપે છે. આ ઉપરાંત, દ્રોણાચાર્ય પુરસ્કાર (લાઇફટાઇમ) શ્રેણીમાં બોક્સિંગના ધર્મેન્દ્ર સિંહ યાદવ અને કુસ્તીના વીરેન્દ્ર કુમારના નામ નિશ્ચિત કરવામાં આવ્યા છે, જેઓ રમત ક્ષેત્રે દીર્ઘકાલીન સેવાઓ આપી ચૂક્યા છે.

# જામનગરના કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે શિવભક્તિ સાથે રાષ્ટ્રભક્તિના દર્શન



જામનગરના કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે શ્રાવણ માસમાં શિવભક્તિ અને રાષ્ટ્રભક્તિનો અનોખો સંગમ જોવા મળ્યો. ૧૫મી ઓગસ્ટ નિમિત્તે શિવલિંગને કેસરી, સફેદ અને લીલા તિરંગા રંગોથી શણગારવામાં આવ્યું હતું. ભક્તોએ ૧૦૮ દીવડાની મહાઆરતીમાં જોડાઈ શિવ અને રાષ્ટ્રભક્તિનો સંદેશ આપ્યો. આ અનોખી સજાવટ ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. જામનગરના કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસ દરમિયાન શિવભક્તિની સાથે રાષ્ટ્રભક્તિનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. શ્રાવણ માસ દરમિયાન મંદિરમાં દરરોજ ભગવાન શિવના વિવિધ શણગાર અને દર્શનની ઝાંખી કરવામાં આવે છે. તેમજ ૧૦૮ દીવડાની મહાઆરતીમાં મોટી સંખ્યામાં શિવભક્તો જોડાઈને ભક્તિભાવપૂર્વક ભગવાન શિવની આરાધના કરે છે.

દરમિયાન, ૧૫મી ઓગસ્ટના સ્વાતંત્ર્ય પર્વને અનુલક્ષીને કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં ભગવાન શિવના શિવલિંગને તિરંગા રંગોથી શણગારવામાં આવ્યું હતું. મંદિરના મધ્ય ભાગમાં આવેલું શિવલિંગ ચારેય દિશાના દ્વારેથી ભક્તોને દર્શન આપી શકે તે રીતે વિશિષ્ટ શોભા ધારણ કરતું જોવા મળ્યું હતું.

# ધરમપુરની નિવૃત્ત શિક્ષિકા પાસે સાણંદના ચાર શખ્સોએ ૧૮૦ તોલા દાગીના મેળવી ૬૨ તોલા પચાવી લીધા

વલસાડ જિલ્લાના નિવૃત્ત શિક્ષિકા સાથે સામાજિક સંબંધોનો દુરુપયોગ કરી વિશ્વાસઘાત અને ઠગાઇ કરવાનો કિસ્સો બહાર આવ્યો છે. સાણંદના ભૂતપૂર્વ વિદ્યાર્થીનીના લગ્ન પ્રસંગમાં સામાજિક રિતરિવાજો, શોભા અને માન-સન્માન જાળવવા શિક્ષિકા પાસે ૧૮૦ તોલા સોના દાગીના લીધા બાદ ૧૧૮ તોલા પરત કર્યા હતા. જો કે ચાર શખ્સોએ ૬૨ તોલા દાગીના પચાવી ફાયનાન્સ કંપનીમાં ગીરો મુકી લોન લઇ લીધી હતી. કોર્ટના આદેશ બાદ ગુનો નોંધાયો છે.

ધરમપુરના હાથીખાના વિસ્તારમાં આવેલ શ્રીજી નિવાસમાં રહેતા ૫૩ વર્ષીય ભારતીબેન ભીખુભાઈ પટેલ અગાઉ વર્ષ ૧૯૯૯માં સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રોડડ ગામ ખાતે આવેલી સ્વામિનારાયણ ગુરુકુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે શાળામાં અભ્યાસ કરતા સાણંદના જુડા ગામની આરજુ અને ચાઇના નામની વિદ્યાર્થીની મારફતે તેમના પિતા દિનેશભાઈ વાલાભાઈ ગલીયા સાથે પારિવારિક સંબંધો બંધાયા હતા. વર્ષ ૨૦૧૮-૧૯માં ચાઇનાના લગ્ન થયા બાદ દીકરીને સાસરે વળાવતી વખતે સમાજમાં દાગીના બતાવવાના રિવાજનો હવાલો આપી દિનેશભાઈ ગલીયાએ ભારતીબેન પાસે સોનાના દાગીનાની માંગણી કરી હતી. ગત તા.૨૫-૦૭-૨૦૨૦ ના રોજ દિનેશભાઈ ગલીયા, શંકરભાઈ ભીમાભાઈ રબારી, આરજુ અને ચાઇના ફોર્ચ્યુનર કાર (નં.જીજે-૦૧-એચવી-૧૬૧૧) માં ધરમપુર ભારતીબેનના ઘરે આવ્યા હતા. પરિવારની હાજરીમાં ભારતીબેને સોનાના દાગીના બતાવતાં કુલ ૧૮૦ તોલા સોનાના અલગ-અલગ દાગીના અને સોનાના ૨ બિસ્કિટ સાદા કાગળ પર સહી કરીને મેળવી લીધા હતા.

પ્રસંગ પૂરો થયા બાદ ભારતીબેને અવારનવાર માંગણી કરવા છતાં આરોપીઓએ ટુકડે-ટુકડે માત્ર ૧૧૮ તોલા સોનું જ સાણંદ હાઇવે પર એક હોટલ ખાતે પરત આપ્યું હતું. જ્યારે બાકી નીકળતું ૬૨ તોલા સોનું અને ૨ સોનાના બિસ્કિટ પરત આપવા બાબતે ઉડાવ જવાબો આપ્યા હતા.

# અજાણતા પારધીએ પૂજ્યા, પછી ઇન્દ્ર દેવે પણ કરી આરાધના 'ને ગિરનારની ગોદમાં પ્રગટ્યા ભવનાથ મહાદેવ



જૂનાગઢમાં ગિરનાર તળેટીમાં બિરાજમાન રભવનાથ મહાદેવ ભક્તોના ભવનો નાશ કરનારા છે. સ્કંદપુરાણ મુજબ, બિલિપત્રના ઝાડ વચ્ચે શિવલિંગની પૂજા કરનાર પારધીને સ્વર્ગ મળ્યું. ઇન્દ્રદેવે પણ અહીં પૂજા કરી, જેથી આ લિંગ ભવેશ્વર થી ભવનાથ બન્યું. ગર્ભગૃહમાં ૨ શિવલિંગ છે, જેમાં એક સ્વયંભૂ અને બીજું અશ્વત્થામાએ સ્થાપ્યું છે. મૃગી કુંડમાં સ્નાન કરવાથી મોક્ષ મળે છે.

જૂનાગઢમાં ગરવા ગિરનારની ગોદમાં ભગવાન ભોળાનાથ ભવનાથ મહાદેવ તરીકે બિરાજમાન છે. ગિરનાર તળેટીમાં આવેલું મુખ્ય આરાધ્ય સ્થાન એટલે ભવનાથ મહાદેવનું મંદિર. સાક્ષાત્ શિવજી અહીં અનાદિકાળથી વસ્યા છે. આ સ્થાનક સાથે અનેક દંતકથાઓ સંકળાયેલી છે. આવો જાણીએ તેની રોચક માહિતી સ્કંદપુરાણ માં જણાવ્યા અનુસાર, માતા પાર્વતી એકવાર મહાદેવને ભવનાથનો ઇતિહાસ પૂછે છે. ત્યારે મહાદેવ તેમને જણાવતા કહે છે કે, સૌરાષ્ટ્ર દેશમાં વસ્ત્રાપથ ક્ષેત્ર આવેલું છે. જ્યાં બિલિપત્રના ઝાડની મધ્યમાં મારું શિવલિંગ છે. ત્યાં શિવરાત્રિના દિવસે અજાણતાં જ એક પારધી આવે છે અને તે શિવલિંગની પૂજા કરે છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### આજના જમાનાના ફેવરીટ ટાઈમપાસ અને તમારી માનસિક સ્વસ્થતા

સોશિયલ મીડિયાની દરેક રીલ, સ્ટોરી કે સ્ટેટસને તમારું મન પ્રતિભાવ આપે છે,. તે પણ મોટાભાગે અજાગ્રત સ્તરે ! મૂળભૂત રીતે તમારા મન માટે આ બધા જ ઈનપુટ્સ છે અને આપણું મન તેને ભાવનાત્મક અને વૈચારિક પ્રતિભાવ આપતું હોય છે. તાત્કાલિક પ્રતિભાવોમાં ભાવનાત્મક વધુ અને વૈચારિક ઓછા હોય છે કારણ કે સતત સ્ક્રોલની વચ્ચે વિચારવાનો સમય ઓછો મળે છે પરંતુ લાગણીઓ તો દરેક સ્ક્રોલ સાથે અનુભવાતી રહે છે.

તમને ખબર છે આજના યુવાનોની પસંદગીની ટાઈમપાસ પ્રવૃત્તિ કઈ છે ?! ઈન્સ્ટા-રિલ્સ એટલે કે શોર્ટ-વીડિયોઝ જોવા અને લોકોની સ્ટોરીઝ-સ્ટેટસ જોવા. અનેક યુવાઓ સતત રિલ્સ અને સ્ટોરીઝ અંગૂઠો થાકી જાય ત્યાં સુધી સ્ક્રોલ કરતા રહે છે. આ પ્રવૃત્તિ પાછળ વિશ્વના યુવાઓ સરેરાશ ત્રેપન મિનીટ જેટલો સમય ખર્ચે છે પરંતુ સરખામણીમાં, ફોન અને સોશિયલ મીડિયાનું વળગણ ભારતીયોને ઘણું વધારે છે. આપણે ત્યાં હળવાશ મેળવવા કે ટાઈમપાસ કરવા માટે આ પ્રવૃત્તિ પાછળ રોજ એક કલાકથી વધુ સમય પસાર કરતો એક મોટો વર્ગ છે. દરેક પ્લેટફોર્મે જુદા જુદા નામ હેઠળ આ સગવડ ઉભી કરી છે. ઈન્સ્ટાગ્રામ-ફેસબુક રીલ્સ, ટિકટોક વિડીયો, સ્નેપચેટ સ્પોટલાઈટ, યુટ્યુબ શોર્ટ, પિન્ટરેસ્ટ આઈડિયા પીન્સ વગેરે. તમે ક્યારેય વિચાર્યું છે કે દરેક રીલ, સ્ટોરી કે સ્ટેટસને તમારું મન પ્રતિભાવ આપે છે, તે પણ મોટાભાગે અજાગ્રત સ્તરે ! મૂળભૂત રીતે તમારા મન માટે આ બધા જ ઈનપુટ્સ છે અને આપણું મન તેને ભાવનાત્મક અને વૈચારિક પ્રતિભાવ આપતું હોય છે. તાત્કાલિક પ્રતિભાવોમાં ભાવનાત્મક વધુ અને વૈચારિક ઓછા હોય છે કારણ કે સતત સ્ક્રોલની વચ્ચે વિચારવાનો સમય ઓછો મળે છે પરંતુ લાગણીઓ તો દરેક સ્ક્રોલ સાથે અનુભવાતી રહે છે. બીજા શબ્દોમાં કહું તો, ભાવનાત્મક પ્રતિભાવો તાત્કાલિક અને દરેક પોસ્ટમાં અનુભવાય છે, જયારે સંલગ્ન બાબતોમાં વૈચારિક પ્રતિભાવો મનમાં ચાલ્યા કરતા હોય છે. એનો અર્થ એ થયો કે કોઈપણ રીલ, સ્ટોરી કે સ્ટેટસ તમારા મનમાં ખુશી, ઉદાસી, ગુસ્સો, ભય, આશ્ચર્ય વગેરે જેવી લાગણીઓની વિશાળ શ્રેણીને ઉત્તેજીત કરે છે. કોઈ રમૂજી ક્લિપ જોઈને તમે હસો છો, ખુશ થાવ છો, કોઈ અકસ્માત કે હોનારતની ક્લિપ જોઈને તમે દુખી કે ભયભીત થાવ છો. વળી કોઈ અન્યાય કે નફરતભરી ક્લિપ જોઈને ગુસ્સે થાવ કે આક્રોશ અનુભવો છો. કોઈપણ ક્લિપ તમારા મનમાં વત્તા-ઓછા ભાવ ઉત્પન્ન કર્યા વગર જતી નથી અને તેનાથી ઉત્પન્ન થતી અસરો તમારું મન અનુભવ્યા વગર રહેતું નથી. સરવાળે કહું તો, ઉપરછલ્લી રીતે નિર્દોષ લાગતી આ પ્રવૃત્તિ વાસ્તવમાં તમારા મન અને માનસિક સ્વસ્થતા ઉપર તમે માનો છો તેના કરતા ઘણી ઊંડી અને ગંભીર અસરો પેદા કરતી હોય છે અથવા પેદા કરી શકવાની ક્ષમતા ધરાવતી હોય છે.

ચાલો, મારી વાતને વધુ સ્પષ્ટ કરવા એક નાનકડું ટ્રેલર બતાવું. સરેરાશ ઈન્સ્ટા-રિલ્સ ત્રીસ સેકન્ડની હોય છે અને જો તમે સળંગ અડધો કલાક માટે રીલ્સ જુઓ તો તમે લગભગ ૫૦-૬૦ રિલ્સ જોઈ કાઢો. એનો મતલબ એ થાય કે ત્રીસ મિનિટમાં તમે સાઈઠ વાર વિવિધ લાગણીઓ વચ્ચે સ્વિચ કરો છો. એક રીલ હસાવે છે, તેના પછીની બીજી રીલ કદાચ રડાવે કે દુખી કરે છે, ત્રીજી રીલ ફરી હસાવે છે, ચોથી રીલ ચિંતા કરાવે છે, પાંચમી રીલ ઈર્ષ્યા ઉત્પન્ન કરે, છઠ્ઠી રીલ... બસ, દર ત્રીસ સેકન્ડે લાગણીઓ બદલાતી રહે, લાગણીઓનો અતિરેક થાય અને આ વિવિધ લાગણીઓ મને વત્તે-ઓછે અંશે ઘમરોળતી રહે. હવે આ તમારા મગજ માટે સહેજ પણ સારું નહીં. સતત સ્વિચ થતાં ઈનપુટ્સ અને તેની સાથે પ્રતિભાવ સ્વરૂપે સંકળાયેલી લાગણીઓ મગજની ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા ઉપર અસર કરે છે અને તમારું ધ્યાન ભટકતું રહે છે. કોઈપણ બાબત ઉપર કેન્દ્રિત રહેવામાં તમને તકલીફ પડવા માંડે છે. આ ઉપરાંત તમારું મન આ સ્વિચ થતી લાગણીઓના ચઢાવ-ઉતારનું બંધાણી બની જાય છે અને તમને રિલ્સ જોયા કરવાની આદત પડી જાય છે ! મનને આનંદ આપતો દરેક વીડિયો મગજમાં ડોપામીન કિક આપે છે અને એ કિકના ચક્કરમાં તમે વીડિયો ઉપર વીડિયો જોયા કરો છો.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

સુરતમાં ધોરણ ૧૧ માં ભણતા સગીર-સગીરા ઘરેથી ભાગી ગયા:

# પોલીસે બંનેને વિલ્સન હિલ્સથી શોધી કાઢ્યા, શરીર સંબંધ બાંધ્યો હોવાનો ખુલાસો

સુરત-સુરત શહેરમાં રહેતી અને ધોરણ ૧૧માં અભ્યાસ કરતી સગીરા તેની સાથે જ ટ્યુશનમાં આવતા સગીર સાથે ભાગી જતા દોડધામ મચી હતી. પિતાની અપહરણની ફરિયાદ બાદ પોલીસે સગીરા અને સગીરાને વિલ્સન હિલ્સથી ઝડપી પાડ્યા. બંને વચ્ચે શરીરસંબંધ બંધાયો હોવાનું સામે આવ્યું. પોલીસ સગીર વિરુદ્ધ પોક્સ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.




સુરતના અશ્વિનીકુમાર રોડ પર આવેલા એપાર્ટમેન્ટમાં રહેતા પરિવારની ૧૭ વર્ષીય દીકરી વરાછાની સ્કૂલમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતી હતી. ગત ૫મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સવારે ૭ વાગ્યાના સુમારે તે પોતાના પિતા પાસેથી ૨૦ રૂપિયા લઈને નાના ભાઈ સાથે સ્કૂલે જવા નીકળી હતી. ભાઈ સ્કૂલે પહોંચી ગયો હતો પરંતુ બપોરે દીકરી ઘરે પરત ન ફરતા પરિવારે આસપાસ અને સગા-સંબંધીઓમાં શોધખોળ શરૂ કરી હતી. દીકરીનો કોઈ પત્તો ન લાગતા અંતે ચિંતિત પિતાએ અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમ સામે અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

ભોગ બનનાર સગીરાને ટ્યુશનમાં પોતાની સાથે જ અભ્યાસ કરતા અને ધોરણ ૧૧માં જ ભણતા એક અન્ય સગીર સાથે આંખ મળી ગઈ હતી. બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. ગત ૫મી તારીખે બંને જણા પોતપોતાના ઘરેથી સ્કૂલે જવાનું કહીને નીકળ્યા બાદ એકબીજાને મળ્યા હતા અને સુરતથી ભાગી ગયા હતા. ભાગીને આ પ્રેમીપંખીડા વલસાડના ધરમપુર ખાતે આવેલા વિલ્સન હિલ્સ પહોંચ્યા હતા. જાણવા મળ્યા મુજબ, આ દરમિયાન બંને વચ્ચે શારીરિક સંબંધ પણ બંધાયો હતો.

સગીરાના અપહરણની ગંભીરતાને ધ્યાનમાં લઈને અશ્વિનીકુમાર પોલીસની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. હ્યુમન સોર્સીસ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે ધરમપુર વિલ્સન હિલ્સ (વલસાડ) ખાતેથી બાળકિશોર તથા ભોગ બનનાર સગીરાને શોધી કાઢ્યા હતા. ત્યારબાદ પોલીસે સગીર વિરુદ્ધ BNS અને પોક્સો એક્ટની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટના સુરત જ નહીં, પરંતુ દરેક શહેરના માતા-પિતા માટે એક મોટી લાલબત્તી સમાન છે. ધોરણ ૧૧માં ભણતા અને હજુ સમજણી ઉંમરે પણ ન પહોંચેલા તરુણો કઈ રીતે આકર્ષણ અને પ્રેમમાં પડીને પોતાનું તથા પોતાના પરિવારનું ભવિષ્ય જોખમમાં મૂકી રહ્યા છે, તેનું આ જવલંત ઉદાહરણ છે. વાલીઓએ પોતાના બાળકો ક્યાં જાય છે, ટ્યુશન કે સ્કૂલમાં કોને મળે છે અને તેમની ગતિવિધિઓ શું છે તેના પર પૂરતું ધ્યાન અને મિત્રતાપૂર્ણ નજર રાખવી આજના સમયની તાતી જરૂરિયાત બની ગઈ છે.

## ગુજરાત ભાજપના પ્રભારી તરીકે તરુણ ચુગની નિમણૂક, યુપીમાં વિનોદ તાવડે અને સહ પ્રભારી તરીકે જગદીશ પટેલને જવાબદારી

ભાજપે સંગઠનમાં મોટા ફેરફારો કર્યા છે. રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નવીને ૧૮ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ૩ રાજયોના નવા પ્રભારી અને સહ-પ્રભારીઓની નિમણૂક કરી છે, જે તાત્કાલિક અસરથી અમલમાં આવશે. ગુજરાતના પ્રભારી તરીકે રાજયસભા સાંસદ તરુણ ચુગને જવાબદારી સોંપાઈ છે. ઉત્તર પ્રદેશમાં વિનોદ તાવડે પ્રભારી અને જગદીશ પટેલ સહ-પ્રભારી બન્યા છે, જયારે પંજાબમાં ડો. સતીશ પુનિયાને કમાન અપાઈ છે.



ભારતીય જનતા પાર્ટી એ પોતાના સંગઠનમાં મોટો ફેરફાર કરવાની સાથે જ આગામી વિધાનસભા ચૂંટણીઓ માટે કમર કસી લીધી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનની આગેવાનીમાં નવી રાષ્ટ્રીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ નવી ટીમમાં યુવા અને અનુભવી નેતાઓનો સમન્વય જોવા મળી રહ્યો છે. પાર્ટીએ ઉત્તર પ્રદેશ, પંજાબ અને ગુજરાત જેવા મહત્ત્વના રાજયો માટે નવા પ્રભારીઓની નિમણૂક કરી છે.

ભાજપના મજબૂત ગઢ સમાન ગુજરાત રાજયની ચૂંટણીલક્ષી જવાબદારી તરુણ ચુગને સોંપવામાં આવી છે. તરુણ ચુગ રાજયસભાના સાંસદ છે અને અગાઉ પણ પાર્ટી સંગઠનમાં ઘણી મહત્ત્વની ભૂમિકાઓ ભજવી ચૂક્યા છે. આગામી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સંગઠનનું સુકાન તેમના હાથમાં સોંપવું એ પાર્ટીનો મોટો નિર્ણય છે. પાર્ટીએ રાષ્ટ્રીય મહામંત્રી અને રાજયસભાના સાંસદ વિનોદ તાવડેને ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીના પ્રભારી બનાવ્યા છે. ઉત્તર પ્રદેશ ભાજપ માટે સૌથી મહત્ત્વના રાજયોમાંનું એક છે, તેથી આ જવાબદારી અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

તેમની સાથે જગદીશ ઈશ્વરભાઈ પટેલને સહ-પ્રભારીની જવાબદારી સોંપવામાં આવી છે.

## મૃતકે પોતાના પુત્રોને દેહદાન કરવાની ઇચ્છા જણાવી હતી:તેનના ૮૬ વર્ષીય રતનબેન પરમારનું સુરત સિવિલ હોસ્પિટલને દેહદાન

બારડોલી- 'જીવતા જીવ સેવા અને મૃત્યુ બાદ દેહદાન આ ઉક્તિને બારડોલી તાલુકાના તેન ગામના પરમાર પરિવારે સાર્થક કરી બતાવી છે. તેન ગામના સાંઈ નગરના રહીશ સ્વ. રતનબેન કેશવભાઈ પરમારના અવસાન બાદ તેમના પરિવારે માતાની અંતિમ ઈચ્છાને માન આપી પાર્થિવ દેહનું સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે દેહદાન કરાવી સમાજ સામે ઉદાહરણ પૂરું પાડ્યું છે.



સ્વ. રતનબેન પરમારની જીવતેજીવ ઈચ્છા હતી કે તેમના મૃત્યુ પછી પણ તેમનું શરીર તબીબી અભ્યાસ અને માનવતાના કામમાં આવે. તેમના અવસાન બાદ પુત્રો રમણભાઈ કેશવભાઈ પરમાર, નાનુભાઈ કેશવભાઈ પરમાર તેમજ સ્વ. મોહનભાઈના પરિવારે શોકની ક્ષણો વચ્ચે પણ ધૈર્ય દાખવી માતાની ઈચ્છા પૂર્ણ કરી હતી.

અંતિમ વિદાય વખતે માહ્યાવંશી સમાજના આગેવાનો, ગ્રામજનો અને વિવિધ સમાજના લોકોએ ઉપસ્થિત રહી સ્વ. રતનબેનને અશ્રુભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી અને પરમાર પરિવારની આ ઉદાત્ત ભાવનાને બિરદાવી હતી.

## સુરત બન્યું શિવમય, મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર : યુવા વર્ગ મોટી સંખ્યામાં દર્શને પહોચ્યો



શ્રાવણ માસના પ્રથમ સોમવારે સુરત શહેર અને જિલ્લાના શિવ મંદિરો 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યા હતા. ભક્તો, કાવડિયાઓ અને યુવાનોના ઘોડાપૂર વચ્ચે શિવલિંગ પર દૂધ-જળનો અભિષેક કરાયો હતો. મંદિરોને ફૂલોથી શણગારી, રોશનીથી ઝળહળતા કરાયા હતા. સુરત જાણે શિવમય બની ગયું હતું, જયાં ભક્તિનો અનેરો માહોલ છવાયો હતો.

શ્રાવણ માસના પ્રથમ સોમવારે સુરત શહેર અને જિલ્લામાં ભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ શિવ મંદિરોમાં હર હર મહાદેવ અને બમ બમ ભોલેના નાદ ગુંજી ઊઠ્યા હતા અને ભક્તોના ઘોડાપૂર વચ્ચે સુરત જાણે શિવમય બની ગયું હતું. શહેર-જિલ્લાના વિવિધ શિવ મંદિરોમાં દર્શન માટે લાંબી કતારો લાગી હતી, જયારે શિવલિંગ પર દૂધ-જળનો અભિષેક કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. શ્રાવણના પ્રથમ સોમવારે ખાસ કરીને જળ ચઢાવવાની પરંપરાને લઈને હજારોની સંખ્યામાં કાવડિયાઓ પણ વિવિધ શિવ મંદિરોમાં પહોંચ્યા હતા. વડીલો અને મહિલાઓ સાથે જેન-ઝી તથા યુવા વર્ગમાં પણ ભોળાનાથની આરાધનાનો ઉત્સાહ જોવા મળ્યો હતો. શ્રાવણ માસની શરૂઆત સાથે જ સુરતીઓ વધુ ધાર્મિક બની જતા હોય છે. શ્રાવણના દરેક સોમવારે ભગવાન શિવની આરાધના માટે મંદિરોમાં ભક્તોની સંખ્યા વધે છે, પરંતુ પ્રથમ સોમવારનું વિશેષ ધાર્મિક મહત્વ હોવાથી આજે વહેલી સવારથી જ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા શિવ મંદિરોમાં ભક્તોની કતારો જોવા મળી હતી. ભક્તોએ ભગવાન શિવને જળ, દૂધ, બિલ્વપત્ર, ફૂલ સહિતની પૂજા સામગ્રી અર્પણ કરી શ્રદ્ધાભેર પૂજા-અર્ચના કરી હતી.

## સુમુલ ડેરીના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી અચાનક મોકૂફ

# ભાજપમાં આંતરિક વિખવાદના આક્ષેપ, પૂર્વ ડિરેક્ટરે કહ્યું-પશુપાલકોને દૂધના વધેલા ભાવો આપ્યા નથી

સુરત-સુરતની સુમુલ ડેરી ખાતે આજે ૧૭ ઓગસ્ટે યોજાનાર પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી અચાનક મોકૂફ રાખવામાં આવતા ભારે વિવાદ સર્જાયો છે. એક તરફ એવો ગંભીર આક્ષેપ છે કે, ભાજપમાં મેન્ડેટ આપવા મુદ્દે થયેલી ભારે વિવાદ અને આંતરિક જૂથબંધીને કારણે ચૂંટણી પાછી ઠેલવી પડી છે. જયારે બીજી તરફ, ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર સિટી પ્રાંત (ઉત્તર) અડાજણની કચેરીએ સત્તાવાર મેસેજ પાઠવીને કહ્યું હતું કે, ચૂંટણી વહીવટી કારણોસર હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી છે, અને નવી તારીખ-સમય નક્કી થયે જાણ કરવામાં આવશે.




સુમુલ ડેરીની સામાન્ય ચૂંટણીમાં કુલ ૧૫ બેઠકો ઉપર ભાજપ પ્રેરિત પેનલે ભવ્ય વિજય મેળવ્યો હતો. ત્યારબાદ તમામ ધારાસભ્યો, સાંસદો, ચૂંટાયેલા ડિરેક્ટરો તથા સંગઠનના અગ્રણીઓની રજૂઆતો સાંભળવામાં આવી હતી. આજે સોમવારે ચૂંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને હોદ્દેદારોની પસંદગીની સત્તાવાર પ્રક્રિયા હાથ ધરાવાની હતી. પરંતુ પ્રમુખ-ઉપપ્રમુખના નામો અંગે મોવડી મંડળમાં સર્વસંમતિ ન સધાતા અને આંતરિક વિખવાદ વધવાની શક્યતા જોતાં ચૂંટણી છેલ્લી ઘડીએ સ્થગિત કરવામાં આવી હતી.

ચૂંટણી મોકૂફ રહેતા સુમુલના પૂર્વ ડિરેક્ટર જયેશભાઇ પટેલે (દેલાડ) જણાવ્યું હતું કે, ૧૭મી જુલાઈએ ચૂંટણીના પરિણામો આવી ગયા બાદ મહિનો વીતી ગયો હોવા છતાં ચૂંટણી મુલતવી રાખવી એ પશુપાલકોનું ઘોર અપમાન છે. સહકાર વિભાગની મનમાનીને કારણે એક વર્ષ સુધી વહીવટદાર મુકાયા હતા અને ૧૨મી ઓગસ્ટે મુદત પૂર્ણ થયા છતાં લોકશાહી ઢબે ચૂંટાયેલા પ્રતિનિધિઓને સત્તા સોંપવામાં વિલંબ કરવામાં આવી રહ્યો છે.

## એકની ધરપકડ, રૂ.૪,૪૦,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત અરેઠના કરંજ નજીક ૬ પશુ હેરાફેરી કરતી પીકઅપ ઝડપાઈ

માંડવી- અરેઠ તાલુકાના કરંજ ગામ પાસે માંડવી-કીમ રોડ પર સહયોગ હોટલ નજીકથી તડકેશ્વર પોલીસે પશુઓની ગેરકાયદે અને ક્રૂરતાપૂર્વક હેરાફેરી કરતી એક મહિન્દ્રા બોલેરો પીકઅપ ગાડી ઝડપી પાડી છે. પોલીસે વાહનચાલકની અટકાયત કરી કુલ રૂ.૪,૪૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.




તડકેશ્વર પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારી ગીરીશભાઈ વાળાભાઈ પુંજારા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન બાતમીના આધારે માંડવી-કીમ રોડ પર વોચ ગોઠવી હતી. શંકાસ્પદ જણાતા સફેદ બોલેરો પીકઅપ ને રોકી તપાસ કરતા, ઘાસચારા કે પાણીની કોઈ સુવિધા વગર ટૂંકા દોરડાથી ક્રૂરતાપૂર્વક બાંધેલી 3 ભેંસ અને 3 ભેંસના પાડીયા મળ્યા હતા.

પોલીસે પશુઓની હેરાફેરી અંગેનું કોઈ પાસ કે પરમિટ ન હોવાથી વાહનચાલક અઝહર શકીલ અહમદની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપી સામે તડકેશ્વર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જપ્ત કરાયેલ મુદ્દામાલની વિગત 3 ભેંસ: રૂ.૯૦,૦૦૦, 3 ભેંસના પાડીયા: રૂ.૪૫,૦૦૦, મોબાઈલ ફોન: રૂ.૫,૦૦૦, બોલેરો પીકઅપ : રૂ.3,00,000, કુલ મુદ્દામાલ: રૂ.૪,૪૦,૦૦૦

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## સુરત શહેરમાં રવિવારની રજા અંગે કારીગરોનો હોબાળો

# સુરત ગ્રામ્ય પોલીસ એલર્ટ, SP રાજેશ ગઢીયાએ નવાગામ GIDC ની મુલાકાત લીધી



કામરેજ-સુરત શહેરમાં રવિવારની રજા આપવાની માંગને લઈને કારીગરો દ્વારા હોબાળો અને હડતાલ કરવામાં આવી રહી છે. આ હિલચાલ સુરત ગ્રામ્ય વિસ્તારમાં ન ફેલાય અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે સુરત જિલ્લા પોલીસ એલર્ટ મોડ પર આવી ગઈ છે.

SP રાજેશ ગઢીયાએ નવાગામ GIDCની મુલાકાત લીધી સુરત જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ કામરેજ તાલુકાના નવાગામ વિસ્તારમાં આવેલી GIDCની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે GIDCમાં કામ કરતા કારીગરો સાથે સીધી વાતચીત કરી તેમની સમસ્યાઓ અને રજૂઆતો જાણી હતી. સાથે જ સમગ્ર વિસ્તારમાં ચાલી રહેલી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

ગ્રામ્ય વિસ્તારમાં શાંતિપૂર્ણ માહોલ સદનસીબે અત્યાર સુધી સુરત ગ્રામ્ય વિસ્તારમાં રવિવારની રજાની માંગને લઈને કોઈ પ્રકારની હિલચાલ કે અશાંતિ સામે આવી નથી. હાલ પરિસ્થિતિ શાંતિપૂર્ણ રહેતા પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. અનિચ્છનીય બનાવો ટાળવા પોલીસની સઘન નજર કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા આગોતરા સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. સંવેદનશીલ વિસ્તારોમાં સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે.

ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા SP રાજેશ ગઢીયાની નવાગામ GIDCની મુલાકાત દરમિયાન કામરેજ ડિવિઝનના DYSPઆર.આર. સરવૈયા, LCB PI નરેશ પાંચાણી અને PI આર.બી. ગોજિયા સહિતના પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# કિમ GIDCમાં પાલોદ પોલીસની ફેક્ટરી માલિકો સાથે બેઠક:PI રાણાના કાયદો-વ્યવસ્થા જાળવવા અને અશાંતિ રોકવા સાવચેતીના પગલાં

મોંગરોળ- સુરત સહિતના વિસ્તારોમાં એમ્બ્રોઇડરી કામદારોની હડતાળને પગલે કિમ GIDC વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સુરત જિલ્લા પોલીસ વડાની સૂચનાથી ફેક્ટરી માલિકો સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. પાલોદ પીઆઈ અમીરાજ સિંહ રાણાની અધ્યક્ષતામાં આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકનો મુખ્ય હેતુ કિમ GIDCમાં આવેલી બે હજારથી વધુ ફેક્ટરીઓમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને સુરત જેવી અશાંતિ ન ફેલાય તે સુનિશ્ચિત કરવાનો હતો. કામદારો દ્વારા સાપ્તાહિક રજા સહિતની માંગણીઓ સાથે હડતાળની પરિસ્થિતિને કારણે સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

માંગરોળ તાલુકા ઇન્ડસ્ટ્રીઝ વેલફેર એસોસિએશનની કિમ ચોકડી ખાતે આવેલી કચેરીમાં આયોજિત આ બેઠકમાં મોટી સંખ્યામાં ફેક્ટરી માલિકો ઉપસ્થિત રહ્યા હતા. પાલોદ પીઆઈએ ફેક્ટરી માલિકોને GIDC વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સાવચેત રહેવા જણાવ્યું હતું. તેમણે કારખાનાઓમાં કામ કરતા કારીગરોની વિગતવાર માહિતી સાથે ફોર્મ ભરવાની પણ સૂચના આપી હતી. માંગરોળ તાલુકા ઇન્ડસ્ટ્રીઝ વેલફેર એસોસિએશનના કાર્યક્ષેત્રમાં પીપોદરા, મોટા




બોરસરા, નવાપરા, કુડસદ, પાલોદ, હથોડા, મોલવણ સહિતના GIDC વિસ્તારોનો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં કાપડ, ડાઇંગ-પ્રિન્ટિંગ અને યાર્ન બનાવતી આશરે બે હજાર જેટલી ફેક્ટરીઓ આવેલી છે, જેમાં અંદાજે એક લાખ જેટલા પરપ્રાંતિય કામદારો કાર્યરત છે.

હાલમાં સોશિયલ મીડિયાના માધ્યમથી સુરત સહિતના વિસ્તારોમાં હજારો કામદારો આંદોલન અને હડતાળ પર ઉતર્યા છે, જ્યાં પોલીસે બળપ્રયોગ કરવાની પણ નોબત આવી હતી. કિમ GIDCના ઉપરોક્ત વિસ્તારોમાં કામ કરતા કામદારોમાં અસંતોષની સ્થિતિ ન સર્જાય તે માટે પાલોદ પીઆઈએ ફેક્ટરી માલિકો સાથે સંવાદ કર્યો હતો. તેમણે કોઈપણ અપ્રિય પરિસ્થિતિમાં તાત્કાલિક પોલીસને જાણ કરવા અનુરોધ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પીપોદરા સહિતના GIDC વિસ્તારમાં કામદારો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવ્યું હતું, જેને નિયંત્રિત કરવા પોલીસે લાઠીચાર્જ સહિત બળપ્રયોગ કરવો પડ્યો હતો અને કેટલાક દિવસો બાદ સ્થિતિ થાળે પડી હતી. આવી પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે પોલીસે સાવચેતીના ભાગરૂપે આ બેઠક યોજી હતી. પાલોદ પોલીસ સૂત્રો અનુસાર, હાલ કિમ વિભાગ GIDCમાં સુરક્ષાના ભાગરૂપે પોલીસે રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ શરૂ કર્યું છે. સુરત જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયા અને ડીવાયએસપી બી.કે.વનારના સીધા માર્ગદર્શન હેઠળ પાલોદ પોલીસ સમગ્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે.

# માંગરોળના કોસાડીમાં બાળકી પર ૭ કૂતરાનો હુમલો



માંગરોળ- માંગરોળ તાલુકાના કોસાડી ગામે વહેલી સવારે કૂતરાના ટોળાએ સાત વર્ષની બાળકી પર જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં બાળકીને પેટના આંતરડા સુધી ગંભીર ઈજાઓ થતાં તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

કોસાડી ગામના ચોરા નજીક રહેતી હુસના હુજેફા રંદેરા (ઉંમર ૭ વર્ષ) રાત્રે તેની દાદીના ઘરે સૂતી હતી. વહેલી સવારે તે પોતાના ઘરે પરત ફરી રહી હતી ત્યારે સાત જેટલા કૂતરાઓએ તેના પર હુમલો કર્યો હતો અને બચકાં ભર્યા હતા.

આસપાસના રહીશો ઘટનાસ્થળે દોડી આવતાં બાળકીને કૂતરાઓના હુમલામાંથી બચાવી હતી. બાળકીના શરીરે ગંભીર ઈજાઓ થઈ હોવાથી તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. આ ઘટનાને કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે.

નોંધનીય છે કે, એક વર્ષ અગાઉ પણ કોસાડી ગામની પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં કનવાડા ફળિયાની એક ૧૦ વર્ષની બાળકી પર કૂતરાના ટોળાએ હુમલો કર્યો હતો, જેમાં તેનું કરુણ મોત નીપજ્યું હતું.

આ જ સ્થળ નજીકના વિસ્તારમાં ફરી એકવાર કૂતરાના ટોળાએ બાળકીને નિશાન બનાવતા, જવાબદાર સરકારી તંત્ર આ બાબતે યોગ્ય કાર્યવાહી કરે તેવી સ્થાનિકો દ્વારા પ્રબળ માંગ ઉઠી છે.

## સુરક્ષિત રીતે આશ્રય ગૃહ મોકલાયા

# ભટકતા વૃદ્ધા માટે ૧૮૧ અભયમ દેવદૂત, બારડોલી ટીમે સુરક્ષિત આશ્રય અપાવ્યો



બારડોલી-કામરેજમાં બે-ત્રણ દિવસથી અસુરક્ષિત રસ્તા પર ભટકતા ક વૃદ્ધ મહિલાને ૧૮૧ અભયમ' બારડોલી ટીમે સ્થળ પર પહોચી કાઉન્સેલિંગ કરી સુરક્ષિત આશ્રયસ્થાન પહોચાડ્યા છે. જાગૃત નાગરિકની સમયસૂચકતા અને ૧૮૧ ટીમની કામગીરીથી વૃદ્ધાને નવું જીવન મળ્યું છે.

કામરેજ વિસ્તારમાં છેલ્લા બે-ત્રણ દિવસથી એક વૃદ્ધ મહિલા રસ્તા પર એકલા અને અસુરક્ષિત આમતેમ ભટકતા હોવાનું જાગૃત નાગરિકના ધ્યાને આવ્યું હતું. તેમણે ૧૮૧ 'અભયમ' મહિલા હેલ્પલાઇન પર સંપર્ક કરી સમગ્ર જાણ કરી હતી. કોલ મળતા ૧૮૧ અભયમ બારડોલી ટીમના કાઉન્સેલર તૃપ્તિ પટેલ, મહિલા કોન્સ્ટેબલ સંધ્યાબેન ચૌધરી અને પાયલોટ નીરવભાઈ સાથે સ્થળ પર પહોચ્યા હતા.

ગામની બહાર રસ્તા પાસે બેઠેલા વૃદ્ધા સાથે તૃપ્તિ પટેલે સંવેદનાથી વાતચીત કરી કાઉન્સેલિંગ શરૂ કર્યું હતું. ટીમ દ્વારા મહિલાનું નામ, સરનામું કે પરિવાર અંગે માહિતી મેળવવા પ્રયાસ કરાયો હતો, પરંતુ વધુ ઉંમર અને નબળી શારીરિક તબિયતના કારણે તેઓ ઓળખ આપી શક્યા નહોતા. કાઉન્સેલરે તેમની સુરક્ષાને પ્રાથમિકતા આપી નજીકના આશ્રય ગૃહ સાથે તાત્કાલિક સંકલન કર્યું હતું.

જરૂરી વ્યવસ્થા ગોઠવાયા બાદ ૧૮૧ અભયમ બારડોલી ટીમ દ્વારા વૃદ્ધ મહિલાને સુરક્ષિત રીતે આશ્રય ગૃહમાં પહોચાડવામાં આવ્યા હતા. જ્યાં તેમને જરૂરી સંભાળ અને આશ્રય મળી રહેશે.

# કામરેજની રામકબીર શાળા ના આચાર્યને શ્રેષ્ઠ આચાર્ય એવોર્ડ



કામરેજ- છેલ્લા ૩૦ વર્ષથી શિક્ષણ તેમજ સામાજિક ક્ષેત્રે કાર્યરત શ્રી ભારતીય વિદ્યામંડળ સંચાલિત ધી કે વી કો ઓ રામકબીર માધ્યમિક શાળા ના આચાર્ય શૈલેષકુમાર મગનલાલ દેસાઈ ( લાડવીકર ) ની ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ આચાર્ય તરીકે પસંદગી કરવામાં આવી છે. આગામી તા.૫ સપ્ટેમ્બરના રોજ તેમને ગાંધીનગર ખાતે એવોર્ડ મુખ્યમંત્રી તેમજ રાજ્યપાલ ના હસ્તે એનાયત કરી રૂ. ૫૦,૦૦૦/- નો રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે.

શૈલેષભાઈ દેસાઈ શ્રેષ્ઠ આચાર્ય એવોર્ડ માટે જિલ્લા કક્ષાએ દરખાસ્ત કરી હતી. સુરત ડી ઇ ઓ કચેરી દ્વારા ઇન્ટરવ્યૂ પ્રક્રિયા પૂર્ણ કરી રાજ્ય કક્ષાએ દરખાસ્ત મોકલી હતી. શૈલેષભાઈ દેસાઈ એ પોતાના આચાર્ય શ્રી ના કાર્યકાળ દરમિયાન બે વખત શાળાને જિલ્લાની શ્રેષ્ઠ શાળા એવોર્ડ અપાવ્યો હતો. ગુજરાત સરકારે નિયુક્ત કરેલ ટીમ દ્વારા શાળાનું પરિણામ, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની પ્રવૃતિ ઓ, સામાજિક સેવાઓ, કોરોના કાળ સુરક્ષા સમયે અપાયેલી સેવાઓ, વર્તમાન પત્રના પાને શાળા, રમત ગમત પ્રવુતિમાં દેખાવ, શાળા દ્વારા યોજાતી મોડેલ ટેસ્ટ, શિષ્યવૃત્તિ માટેના બાહ્ય પરીક્ષાઓમાં દેખાવ, આચાર્ય દ્વારા ચલાવાતી હનુમંત ટીફીન સેવાઓ જેવી જુદી જુદી બાબતોની ઝીણવટભરી ચકાસણી કરી મૌખિક ઇન્ટરવ્યૂની પક્રિયા પૂર્ણ કર્યા બાદ કામરેજની રામકબીર માધ્યમિક શાળા ના આચાર્ય શ્રી શૈલેષકુમાર મગનલાલ દેસાઈની દક્ષિણ ઝોનમાંથી રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ આચાર્ય તરીકે પસંદગી કરવામાં આવી હતી. સુરત શહેર તેમજ જિલ્લાના અનેક શિક્ષણવિદો, સુરત જિલ્લા શિક્ષણાધિકારી ડો. ભગીરથ સિંહ પરમાર સાહેબે તેમજ તેમની કર્મયોગી ટીમે, શુભેચ્છકોએ શૈલેષભાઈને રૂબરૂ મળીને શુભેચ્છાઓ પાઠવી હતી. શૈલેષભાઈ એ શાળા, સુરત જિલ્લા તેમજ અનાવિલ સમાજનું નામ રોશન કર્યું.

રામકબીર શાળામાં ધ્વજવંદન કાર્યક્રમ શૈલેષભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યો હતો. ગૌરવપૂર્ણ સિદ્ધિ મેળવવા બદલ શાળાના તમામ વિદ્યાર્થીઓ તેમજ કર્મયોગી મિત્રોએ ગરબા રમી અનોખી ઉજવણી કરી હતી.

આ અનોખી સિદ્ધિ મેળવવા બદલ ભારતીય વિદ્યામંડળ ના પ્રમુખ અરવિંદભાઈ ભક્ત, માનદમંત્રી પરેશભાઈ ભક્ત, ખજાનચી જીજ્ઞેશભાઈ ભક્તે શાળાના આચાર્ય શૈલેષભાઈ દેસાઈને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના મા વિ નિરીક્ષક કમલેશ પટેલ, ઉ મા વિ નિરીક્ષક કેતનભાઇ દેસાઈ તેમજ સમગ્ર શાળા પરિવારે શાળાના આચાર્ય શૈલેષભાઈ દેસાઈને આ સિદ્ધિ બદલ શુભેચ્છા પાઠવી હતી.

ANILDARBAR
Mo: 97242 60058
DHARMESH PATEL
Mo: 99250 47272
વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઇંડાની દરેક આઈટમ મળશે...

મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી
જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત
માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર
પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર
ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી

બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808


કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)